# યુવકે દાગીના ચોરી ફાયનાન્સ કંપનીમાંથી રૂ.૩.૭૯ લાખની લોન લીધી હોવાની આશંકા

ગાંધીનગર, તા.૮

વરદાયીની માતાજીનું સુપ્રસિધ્ધ મંદિર આવેલું છે તે રૂપાલ ગામે મોટર રીવાઈન્ડીંગનો વેપાર કરતા વેપારીના ઘરમાં નાનું મોટુ કામ કરતા યુવકે ૧૩ તોલા સોનાના દાગીના ચોરીને ફાયનાન્સ કંપનીમાંથી રૂ.૩.૭૯ લાખની ગોલ્ડ લોન લઈ લીધી હોવાની આશંકા રાખી વેપારીએ પેથાપુર પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રૂપાલ ગામે ખોડીયાર વાસ ખાતે રહેતા કનુભાઈ રમેશચંદ્રવ્યાસ સબમર્સીબલ પંપ તેમજ મોટર રીવાઈડીંગનો વ્યવસાય કરે છે. કનુભાઈના લગ્નમાં તેમના પત્ની સોનલબેનને પિયરપક્ષ તરફથી સોનાનો સેટ, સોનાની બંગડી, સોનાનું પેન્ડલ, સોનાની ચેઈન, મંગળસુત્ર સોનાના રવ અને બુટ્ટી મળીને ૧૩ તોલાના રૂ.૪.૫૦ લાખની કિંમતના દાગીના સાચવીને તિજોરીમાં મુક્યા હતા. ગત તા.૭ જુલાઈના રોજ સોનલબેને તિજોરી સાફ સફાઈ માટે નીકાળી હતી. ત્યારે જાણ થઈ કે તિજોરીમાંથી દાગીના ગાયબ છે. જેથી દાગીના અંગે આસપાસમાં તપાસ કરતા રૂપાલ ગામના ઠાકોરવાસમાં રહેતા દિગ્વિજયસિંહ દિનેશસિંહ ઠાકોર વારંવાર મહોલ્લામાં આવન-જાવન કરતો હતો. પરંતુ ચોરીની ઘટના બાદ તેણે આવવાનું બંધ કરી દીધુ હતું. જેથી કનુભાઈએ વોચ રાખી વધુ તપાસ કરતા જાણવા મળ્યું કે દિગ્વિજયસિંહ પાસે અચાનક રૂપીયા આવ્યાની વાત સામે આવી હતી. જેથી કનુભાઈએ તેની પુછતાછ કરતા તેણે કલોલ અને અમદાવાદની આઈઆઈએફએલ ફાયનાન્સ કંપનીમાંથી રૂ.૩.૭૯ લાખ ગોલ્ડ લોન લીધી હોવાની કબુલાત કરી હતી. જો કે લોન માટે દાગીના ક્યાંથી લાવ્યો તે અંગે તેણે સંતોષપૂર્વક જવાબ આપી શક્યો ન હતો. જેને પગલે ઘણા સમયથી પુછતાછ કરવા છતા દિગ્વિજયસિંહે ગોલ્ડ લોન અંગેકોઈ હકીકત નહીં જણાવતા કનુભાઈએ શંકા રાખી પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. ઉલ્લેખનીય છે કે યુવક પહેલા કનુભાઈને ત્યાં નાનુ મોટુ કામ કરતો હતો. જેથી કનુભાઈના ઘરે પણ આવતો જતો હોવાનું ધ્યાને આવ્યું છે.

# મોટા ચિલોડા નજીક નેશનલ લેવલનો બિયર્ડ મોડલ શો યોજાયો





ગાંધીનગર, તા.૮

ગાંધીનગરના મોટા ચિલોડા નજીક ધણપ ગામે નેશનલ હાઈવે નં.૮ પર હોટલ અંજલિ ઈન ખાતે ગુજરાત બિયર્ડ ક્લબ દ્વારા નેશનલ લેવલની બે દિવસીય બિયર્ડ મોડલ શોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બિયર્ડ મોડેલ શોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બિયર્ડ મોડેલ શોના આયોજક શિવાય સિંઘે જણાવ્યું હતું કે આ શોમાં ગુજરાત, ઉપરાંત રાજસ્થાન, મહારાષ્ટ્ર, કર્ણાટક, બિહાર, મધ્ય પ્રદેશ સહિતના રાજ્યોમાંથી પ્રતિસ્પર્ધીઓએ ભાગ લીધો હતો. આ શોના આયોજનનો ઉદ્દેશ પૌરાણિક ભારતીય સંસ્કૃતિમાં રહેલા રાજવી પરંપરા અનુસારના દાઢી-મૂંછના મહત્ત્વને ફરી એકવાર નવી પેઢી સમક્ષ ઉજાગર કરવાનો હતો. પોતાની દાઢી-મૂંછને જતનથી ઉછેરતા અને તેના મહત્વનું ગૌરવ અનુભવતા દેશભરમાંથી ઉમટેલા પ્રતિસ્પર્ધીઓએ આ બે દિવસીય આ બિયર્ડ શોમાં ભાગ લઈને અમારો ઉત્સાહ વધાર્યો હતો.

# નરોડા વિસ્તારમાંથી ઘરથી નીકળી ગયેલા સગીરને તેના માતા-પિતાને સોંપતી ચિલોડા પોલીસ

અમદાવાદ નરોડા વિસ્તારમાં આવેલ મેમ્કો ખાતે આવેલી એક ચાલી વિસ્તારમાં રહેતા સગીર બાળકને તેના પિતાએ ઠપકો આપતા તે ઘરેથી કોઈને કંઈ પણ કહ્યા વિના નીકળી ગયો હતો. ત્યારે ચિલોડા પોલીસ મથકની ટીમના જવાનો એએસઆઈ વિરેન્દ્રસિંહ રણજીતસિંહ અને કોન્સ્ટેબલ અજયસિંહ બળવંતસિંહ પેટ્રોલીંગમા હતા તે સમયે ચિલોડા સર્કલ થી નરોડા જવાના માર્ગ પર એક બાળક ખુબ જ થાકી ગયેલી હાલતમાં ચાલતા જતા મળી આવ્યો હતો. પોલીસે તેની પુછતાછ કરતા તેણે નરોડાના મેમ્કો વિસ્તારનું હોવાનું કહ્યું હતું. પોલીસ સ્ટેશન લાવીને બાળકને ચા-નાસ્તો કરાવી તેનું કાઉન્સીલીંગ કરી તેના વાલી વારસોનો સંપર્ક કરી સગીર બાળકને હેમખેમ તેના માતા-પિતાને સોંપી ચિલોડા પોલીસે સરાહનીય કામગીરી કરી હતી.

## ખૂણેખાંચરેથી

● શ્રાવણમાસનો આજથી આરંભ થઈ રહ્યો હોવાથી જિલ્લાના શિવાલયોને સજાવવામાં આવ્યા છે.

● જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૮૭૨૯ લોકોને વેકિસનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.

● કોવિડની ગાઈડલાઈન મુજબ વિસનગરા નાગર સમાજ દ્વારા શ્રાવણ માસના દર સોમવારે ઓનલાઈન શિવ મહિમ્નના પાઠ રાખવા ઈચ્છતા પરિવારજનોને કૌશિક રાવલને નામ લખાવવા જણાવવામાં આવ્યું છે.

● દહેગામ તાલુકાના સાણોદા પ્રા. શાળાના શિક્ષક પ્રશાંત શર્માએ ધો-૬ થી ૮ના બાળકો માટે ૧૦૮ જેટલા ઈનોવેટીવ વીડિયો બનાવી યુ ટયુબ પર અપલોડ કરતાં દેશની ઈનોવેશન સ્પર્ધામાં ટોપ-૨૦માં સ્થાન પામ્યા છે.

● ટપાલ બાદ કુરિયર સર્વિસ પણ આઉટડેટ થઈ રહી છે અને હવે ઓનલાઈન રાખડીનો ટ્રેન્ડ શરૂ થયેલ છે.

● વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી નિમિત્તો કલોલના ખુની બંગલા નજીક આવેલ સુમન બાલમંદિર ખાતે મહિલા સભાનું આયોજન કરાયું હતું.

● ગાંધીનગર શહેરમાં આજે વેકિસનેશન અભિયાન અંતર્ગત ૧૧૩૪ લોકોને આવરી લેવામાં આવ્યા હતા.

● મનપાની આરોગ્ય શાખામાં ૫૪ કર્મયોગીઓની ભરતી માટે આજે યોજાયેલ સ્પર્ધાત્મક પરીક્ષામાં ૫૦ ટકા ઉમેદવારો હાજર રહ્યા હતા.

● ગુજરાત પબ્લીક સર્વિસ કમિશન દ્વારા સેલ્સ ટેક્ષ ઈન્સ્પેકટર વર્ગ-૩ની આજે પ્રીલીમ પરીક્ષામાં પ્રશ્નપત્ર પ્રમાણમાં અઘરૂ રહ્યાનું પરીક્ષાર્થીઓએ કહ્યું હતું.

# ચિલોડા ખાતે વેક્સિનેશન કાર્યક્રમ યોજાયો



ચિલોડા, તા. ૮

ચિલોડા પ્રાથમિક શાળા કેન્દ્રમાં ઘણા દિવસો વીત્યા બાદ ચિલોડા જંકશન મથક ગણાતુ હોવાથી કોરોના વિરૂદ્ધ રસીકરણ દ્વારા સુરક્ષીત બનવા હવે ગ્રામ્ય વિસ્તારોમાં સક્રિયતા-જાગૃતતા દાખવવા આતુર બન્યા છે. ત્યારે આજે શનિવારે ચિલોડા કેન્દ્રમાં ૧૮૦ કોવિડ શિલ્ડ વેક્સિનનો જથ્થો આવતા ગ્રામજનોએ ઉત્સાહપૂર્વક લાભ લીધો હતો. હજુ તબક્કાવાર ચિલોડા જંકશન મથકના વિસ્તાર અને વસ્તી પ્રમાણે રસીનો કાર્યક્રમ સમયાંતર યોજાય તેવી માંગ પ્રવર્તી રહી છે. આજે સવારથી વેક્સિનેશન આરંભાતા ગ્રામજનો મોટી સંખ્યામાં જાણ થતાં આધારકાર્ડ લઈને કેન્દ્રમાં ઉમટી પડચા હતા. પરિણામે તબક્કાવાર ટોકન સિસ્ટમ દ્વારા રસીકરણનો લાભ લેવા કતારોમાં ઉભા રહી લાભ લીધો હતો. હવે માર્ચ-એપ્રિલમાં પ્રથમ ડોઝ લેનાર લાભાર્થીઓને બીજો ડોઝનો સમય થઈ જતાં પ્રથમ અને બીજા ડોઝ માટે લોકો વધુ રસ દાખવી રહ્યા છે.

# ગાંધીનગર ખાતે એસ.બી.આઈ.એલ.ડી.ના પાંચ વર્ષ પૂર્ણ થતા ઉજવણી




ગાંધીનગર, તા. ૮

ભારતીય સ્ટેટ બેન્કની તાલીમ સંસ્થા 'સ્ટેટ બેન્ક ઈન્સ્ટિટયુટ ઓફ લર્નિંગ એન્ડ ડેવપલપમેન્ટ' ના ગાંધીનગર ખાતેનાં પરિસરમાં પાંચ વર્ષ પૂર્ણ થયાં તેની ઊજવણી કરવામાં આવી હતી. આ અવસરે રામશેરસિંગ (ભારતીય સ્ટેટ બેન્ક અમદાવાદ મંડળના મુખ્ય મહાપ્રબંધક)ની ઉપસ્થિતિમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. એસ.બી.આઈ. એલ.ડી.ના ફેકલ્ટી દ્વારા સંકલન કરેલ પુસ્તક 'જ્ઞાન પ્રવાહ' અને માસિક મેગેઝિન 'અભિવ્યક્તિ'નાં વિશેષાંકનું વિમોચન કરાયું હતું. ઉપરાંત વિનોદ અમલાણી લિખિત લઘુ નવલકથા 'રાગી વૈરાગી' પુસ્તકનું પણ વિમોચન કર્યું હતું. આ પ્રસંગે તાલિમ સંસ્થાનાં સર્વે સ્ટાફ દ્વારા સ્વૈચ્છિક, નાણાંકીય સહયોગથી હાજીપુર ખાતેના કન્યા કેળવણી માટે કાર્યરત 'મંથન' સંસ્થાની વિદ્યાર્થીનીઓ માટે સ્કૂલ બેગ્સ અર્પણ કરાઈ હતી અને અવસરને યાદગાર બનાવવા માટે સંસ્થાના પરિસરમાં 'ઔષધ બાગની' પહેલ કરાઈ હતી.




5 વર્ષ આપણી સરકારના

સૌના સાથથી, સૌના વિકાસના

વિશ્વ આદિવાસી દિવસ

૯ ઓગસ્ટ, ૨૦૨૧

વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત આદિજાતિ વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે છેલ્લાં ૫ વર્ષમાં ગુજરાત સરકારે ખર્ચ્યા રૂ.૬૦,૦૦૦ કરોડ

૯ ઓગસ્ટના રોજ સવારે ૧૦ વાગે રાજપીપળા ખાતે

**મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે**

અને આદિજાતિ વિકાસ **મંત્રીશ્રી ગણપતસિંહ વસાવા**ની ઉપસ્થિતિમાં

વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે ૫૩ તાલુકાઓમાં કાર્યક્રમ

**બિરસા મુંડા ટ્રાઈબલ યુનિવર્સિટીનું ખાતમુહૂર્ત** તેમજ

**અંદાજિત રૂ.૧૨૨૨ કરોડના ખર્ચે** ૭૦ કામોના ખાતમુહૂર્ત

**અંદાજિત રૂ.૪૮૭ કરોડના ખર્ચે** ૧૯૯ કામોના લોકાર્પણ

૫ લાખ આદિજાતિના વિદ્યાર્થીઓને પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ રૂ. ૮૦ કરોડના લાભો આપવામાં આવશે








**આદિવાસીઓના વિકાસની દરકાર, રાખી રહી છે ગુજરાત સરકાર**

- રૂ.૪૫૦૦ કરોડના ખર્ચે કુલ ૨,૪૯,૧૨૫ હેક્ટર આદિજાતિ વિસ્તારમાં સિંચાઈ
- રૂ.૨૦૦૦ કરોડના ખર્ચે આદિજાતિ વિસ્તારોમાં ૫ લાખ ઘરોને નળ જોડાણ
- ૧૨૮૩૮ કિ.મી. લંબાઈના ૪૫૧૫ રસ્તાઓનું નિર્માણ
- રૂ.૨૫૦૦ કરોડના ખર્ચે આદિજાતિ વિસ્તારોમાં ૧૨૨ સબસ્ટેશનની સ્થાપના અને ૭૧,૦૦૦ ઘરોને વીજ જોડાણ
- વન અધિકાર અધિનિયમ હેઠળ કુલ ૧૩,૯૭૮ દાવાઓ મંજૂર કરી ૪૬,૫૨૩ હેક્ટર જમીનના હક્કો મંજૂર કરાયા
- નર્મદા જિલ્લા ખાતે રૂ.૧૦૩ કરોડના ખર્ચે આદિવાસી સ્વાતંત્ર્ય સેનાનીઓનું રાષ્ટ્રીય સંગ્રહાલય નિર્માણ પામશે
- અદ્યતન સુવિધાયુક્ત ૮૩૮ રેસિડેન્શિયલ શાળાઓ દ્વારા રૂ.૨૭૪૪ કરોડના ખર્ચે પ્રતિવર્ષ ૧,૩૬,૪૩૮ આદિજાતિ વિદ્યાર્થીઓને રહેવા–જમવાની સુવિધા સાથે વિનામૂલ્યે શિક્ષણ
- રૂ.૪૫૪ કરોડના ખર્ચે આદિજાતિ વિદ્યાર્થીઓ માટે ૨૫ નિવાસી શાળાઓનું બાંધકામ કરવામાં આવ્યું તથા આદિજાતિ વિદ્યાર્થીઓ માટે ૪૮ નવી નિવાસી શાળાઓ શરૂ કરવામાં આવી
- ૪૩ લાખ આદિજાતિ બાળકોને રૂ.૫૩૮ કરોડના ખર્ચે દૂધ સંજીવની યોજનાનો લાભ
- રૂ.૪૪૦ કરોડના ખર્ચે ૩૫,૦૦૦ આવાસોનું નિર્માણ
- પાંચ લાખથી વધુ આદિજાતિ ખેડૂતોને રૂ.૧૬૫ કરોડના ખર્ચે બિયારણ અને ખાતરની કિટ સહ કૃષિલક્ષી તાલીમના લાભો

આદિજાતિઓના સર્વાંગી વિકાસ માટે સરકાર પ્રતિબદ્ધ છે.
– શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત